BRAMPTON **Service and Information Update**

# COVID-19 વૈશ્વિક મહામારી દરમિયાન બ્રેમ્પટનમાં ફેમિલી ડે 2021

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 10, 2021) – ફેમિલી ડે આપણાં સમુદાયમાં કુટુંબોના મહત્વને ઓળખ આપે છે. આ વર્ષે, ફેમિલી ડે સોમવાર, ફેબ્રુઆરી 15, 2021 નાં રોજ આવે છે, અને પરિણામ સ્વરૂપે, શહેરની સંખ્યાબંધ સેવાઓ અનુપલબ્ધ રહેશે અથવા ઘટાડેલા સેવા સ્તરો સાથે કાર્યરત રહેશે.

અગ્નિશમન અને કટોકટીની સેવાઓ, ટ્રાફિક સેવાઓ, કાયદાકીય અમલ બજવણી, રોડ ઓપરેશન્સ અને સુરક્ષા સેવાઓ સહિતની તમામ અનિવાર્ય અને નિર્ણાયક સેવાઓનું સંચાલન સમુદાયને સહાયરૂપ થવા રાબેતા મુજબ ચાલુ રહેશે.

રહેવાસીઓ કોઇ પૂછપરછો માટે 311 અથવા 905.874.2000 (બ્રેમ્પટન બહારથી) નંબર પર કૉલ કરી શકે છે, Brampton 311 ઍપનો ઉપયોગ કરી શકે છે (App Store અથવા Google Play પર ઉપલબ્ધ) અથવા વેબસાઇટ www.311brampton.ca જોઇ શકે છે અથવા ઈમેઇલ સરનામું 311@brampton.ca પર ઈમેઇલ મોકલી શકે છે. અમે COVID-19 સંબંધિત પૂછપરછો સહિત, સીટી ઓફ઼ બ્રેમ્પટન કે રીજીયન ઓફ઼ પીલને સંબંધિત કોઇપણ બાબતો માટે 24/7 ઉપલબ્ધ રહીએ છીએ. વધુ માહિતી મેળવવા વેબસાઇટ www.brampton.ca/COVID19 જુઓ.

## મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી

તમને શનિવાર, ફેબ્રુઆરી 13 નાં રોજ, સવારે 11 વાગ્યે મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી કાર્યક્રમમાં હાજર રહેવાનું નિમંત્રણ છે. આ કાર્યક્રમ CityTV સાથે કાર્યરત ક્રિસ્ટિના હૌરન (Cristina Howorun) હોસ્ટ કરશે, બ્રેમ્પટનના મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown) અને કાઉન્સિલના સભ્યોને સાંભળો, તમારું બ્રેમ્પટનને લગતું જ્ઞાન ચકાસો અને ટ્રિવિયા રમતો વડે સ્થાનિક ધંધાઓને સહાયરૂપ બનીને ડાઉનટાઉનના સહભાગી ધંધાઓ પાસેથી ઇ-ગિફ્ટ કાર્ડ્સ જીતવાની તક મેળવો. વર્ચ્યુઅલ ફોટો બૂથમાં ફોટો પડાવવાનું ભૂલશો નહીં! વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/events.

## બ્રેમ્પટન ટ્રાન્ઝિટ

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ ફેમિલી ડે પર રવિવાર/રજાના દિવસના સમયપત્રક પ્રમાણે ચાલુ રહેશે, પણ કેટલાક રૂટ્સ રદ કરવામાં આવશે. સંચાલિત રૂટ્સમાં સામેલ છે:

- 501 ઝુમ ક્વીન
- 502 ઝુમ મેઇન
- 505 ઝુમ બોવાર્ડ
- 511 ઝુમ સ્ટીલ્સ
- 1 ક્વીન
- 2 મેઇન
- 3 મૅકલાફ્લિન
- 4 ચિંગકુસી
- 5 બોવાર્ડ
- 7 કેનેડી

- 8 સેન્ટર
- 11 સ્ટીલ્સ
- 14 ટોરબ્રામ
- 15 બ્રૅમલી
- 18 ડિક્સી
- 23 સેન્ડલવૂડ
- 29 વિલિયમ્સ
- 30 એરપોર્ટ રોડ
- 35 ક્લાર્કવૅ
- 50 ગૉર રોડ
- 52 મૅકમર્ચી
- 53 રે લૉસન
- 56 કિંગનૉલ
- 57 ચારોલેઈસ
- 115 પીયરસન એરપોર્ટ એક્સપ્રેસ

વધુ માહિતી માટે, કોન્ટેક્ટ સેન્ટરને 905.874.2999 નંબર પર કૉલ કરો અથવા વેબસાઈટ bramptontransit.com જુઓ. ફેબ્રુઆરી 15 નાં રોજ કોન્ટેક્ટ સેન્ટર 9 થી સાંજે 6 વાગ્યા સુધી ખુલ્લું છે.

બધાં કસ્ટમર સર્વિસ કાઉન્ટર્સ ફેબ્રુઆરી 15 નાં રોજ જાહેર જનતા માટે બંધ રહેશે. બ્રૅમલી, બ્રેમ્પટન ગેટવૅ અને ડાઉનટાઉન ટર્મિનલ બિલ્ડિંગ્સ સવારે 6 થી રાત્રે 9 વાગ્યા સુધી ખુલ્લા રહે છે. ટ્રિનિટી કોમન ટર્મિનલ બંધ રહે છે.

વધારે સારી સફાઈ અને સ્વચ્છતા (સેનિટાઇઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને દર 48 કલાકે ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

સીટી ઉતારુઓને માસ્ક પહેર્યો હોય તો પણ, ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાનું ચાલુ રાખવાની વિનંતી કરે છે. ઉતારુઓને પ્રવાસ કરતી વખતે, પોતાના અંગત ડિસઈન્ફેક્ટન્ટ, જેમ કે હેન્ડ સેનેટાઈઝર કે વાઈપ્સ સાથે રાખવાનું, પોતાના હાથ વારંવાર ધોવાનું અને ખાંસી કે છીંક પોતાની કોણીમાં કરવાનું પણ યાદ અપાવવામાં આવે છે. જો બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો, સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઇટ પર પરીક્ષણ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, ઉતારુઓને યાદ અપાવવામાં આવે છે કે બસોમાં અને ટર્મિનલ્સ પર તમારું નાક, મોઢું અને દાઢી ઢાંકતા નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. સીટી ઓફ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ અને બ્રેમ્પટન ઈમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાં પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

અદ્યતન માહિતી નિયમિત મેળવવા વેબસાઈટ www.brampton.ca/COVID19 અને www.bramptontransit.com જોતા રહો અથવા સર્વિસ અપડેટ્સ માટે Twitter પર @bramptontransit ને અનુસરો. કોઇ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

**બ્રેમ્પટન રિક્રિએશન**

<u>ફેમિલી ડે પર ફન ઓનલાઈન</u>

ફેબ્રુઆરી 13 અને 15 નાં રોજ સીટી ઓફ બ્રેમ્પટનના કાર્યક્રમના અગ્રણીઓની આગેવાનીમાં મફત વર્ચ્યુઅલ રમતો અને પ્રવૃત્તિઓનો આનંદ માણો! કૌટુંબિક ઝઘડો, સંકટ, કે સ્કેવેન્જર હન્ટ માટે આખા કુટુંબની નોંધણી કરાવો. વિવિધ સત્રો WebEx (વેબએક્સ) પ્લેટફોર્મ મારફતે ઉપલબ્ધ છે. સંપૂર્ણ વિગતો ઓનલાઇન વેબસાઇટ પર ઉપલબ્ધ છે, www.brampton.ca/recreation.

જો તમને કોઇ પ્રવૃત્તિ પસંદ હોય તો તમે તમારી પોતાની ગતિએ કરી શકો છો, એક કૌટુંબિક તક્તી બનાવવા અથવા અંગૂઠાથી કૌટુંબિક વંશાવળી છાપવા એક મફત ક્રાફ્ટ કિટ મેળવો. સ્પર્શરહિત, કર્બસાઇડ પિક-અપ સાઉથ ફ્લેચરના સ્પોર્ટ્સપ્લેક્સ અને ગ્રીનબ્રાયર રિક્રિએશન સેન્ટર પર ફેબ્રુઆરી 11 અને 12 નાં રોજ બપોરે 3:30 થી સાંજે 7:30 વાગ્યા સુધી ઉપલબ્ધ છે. કૃપા કરી પિક-અપ દરમિયાન સ્થળ પરના બધાં સાઇનબોર્ડ્સ અને સુરક્ષા સૂચનો અનુસરો. ક્રાફ્ટ કિટ્સ વહેલો તે પહેલો ધોરણે ઉપલબ્ધ છે અને જથ્થો ઉપલબ્ધ હોય ત્યાં સુધી કુટુંબ દીઠ એક સુધી સીમિત રહે છે. કૃપા કરી સંપૂર્ણ વિગતો માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/recreation.

<u>આઉટડોર સ્કેટિંગ</u>

ફેમિલી ડે પર સીટી ઓફ બ્રેમ્પટનની આઇસ રિંક્સ રિઝર્વેશનથી અને હવામાન અનુકૂળ રહે ત્યાં સુધી ખુલ્લી રહેશે. સંચાલનના કલાકો વેબસાઇટ પર જોઇ શકાય છે, www.brampton.ca/outdoorskating.

સામુદાયિક આરોગ્ય અને સુરક્ષા સીટીની મુખ્ય અગ્રતા છે, ખાસ કરીને COVID-19 દરમિયાન. પીલ પબ્લિક હેલ્થની ભલામણોને અનુરૂપ, રિંક્સની મુલાકાત લેવા એક રિઝર્વેશન સિસ્ટમ અમલમાં છે. આ ખાતરી કરાવે છે કે ક્ષમતા જરૂરિયાતો જાળવવામાં આવી રહી છે અને જરૂર પડે ત્યારે સંપર્કનું પગેરું રાખવું શક્ય છે.

રિઝર્વેશન્સ અગાઉથી 24 કલાક સુધી ઉપલબ્ધ છે. રહેવાસીઓએ પોતાની જગ્યા આરક્ષિત કરવા:

- ઓનલાઇન નોંધણી વેબસાઇટ પર કરાવવી, cityofbrampton.perfectmind.com
- અમારી બુકિંગ લાઇનને 905.791.2240 નંબર પર કૉલ કરવો
- શહેરની સીમામાં સર્વિસ બ્રેમ્પટનને 311 નંબર પર કૉલ કરવો

બધાં રિઝર્વેશન્સનો સમયગાળો એક કલાક સુધી સીમિત રહે છે. રિઝર્વેશન્સ માતા-પિતાઓ, વાલીઓ કે બરફ પર ન જતા પણ સ્કેટર્સની સાથે રહેતાં અન્ય બધાં લોકો માટે અનિવાર્ય છે. રહેવાસીઓને આગમન પર ઓનલાઇન વેલકમ ટેન્ટમાં કર્મચારીઓ સાથે તપાસ કરવાનું કહેવામાં આવે છે. જો તમને તમારું રિઝર્વેશન રદ કરાવવાની જરૂર પડે તો, તમારા બુકિંગના એક કલાક પહેલાં 905.791.2240 નંબર પર કૉલ કરો અથવા recconnects@brampton.ca ને ઈમેઇલ મોકલો.

બધી આઉટડોર રિંક્સમાં દસ (10) વર્ષથી વધારે ઉંમરના બધાં સહભાગીઓ માટે બરફ પર નોન-મેડિકલ માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવા અનિવાર્ય છે. બધી ઉંમરના સહભાગીઓએ વૉશરૂમ્સ, સ્ટેજીંગ એરિયા સહિતના સ્કેટિંગ એન્ક્લોઝરના બધાં વિસ્તારોમાં, અને આરક્ષિત સ્કેટ માટે પ્રવેશ મેળવવા લાઇનમાં રાહ જોતી વખતે નોન-મેડિકલ માસ્ક કે ફેસ કવરિંગ પહેરવું અનિવાર્ય છે.

ઘરે-બેઠાં મનોરંજન

ઘરે ઓનલાઈન ફિટનેસ અને ક્રાફ્ટ ટ્યુટોરિયલ્સ સાથે સક્રિય અને પ્રવૃત્તમય રહો! સંપૂર્ણ બોડી સરકિટ અજમાવી જુઓ, ઓરિગામી હાટ્ર્સ બનાવવાનું શીખો, તમારી કેલિગ્રાફી આવડતો, અને ઘણાં બધાંનો મહાવરો કરો. રૅક એટ હોમ (Rec At Home) પ્રવૃત્તિઓ અહીં જુઓ, www.brampton.ca/recathome.

COVID-19 ને લીધે રિક્રિએશન સેન્ટર્સ બંધ રહે છે. અમારા મનોરંજન કાર્યક્રમો અને સેવાઓ પર વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca/recreation.

**બ્રેમ્પટન લાઈબ્રેરી**

ફેમિલી ડે પર બધી પુસ્તકાલય શાખાઓમાં કર્બસાઈડ પિકઅપ બંધ રહેશે. અમારી ડિજિટલ લાઈબ્રેરી કોઈપણ સમયે જોવા વેબસાઈટ www.bramptonlibrary.ca જુઓ.

અમારી વેબસાઈટ તમારા લાઈબ્રેરી કાર્ડ વડે ડિજિટલ ઈ-બુક્સ, ઈ-ઓડિયો બુક્સ, ટીવી અને મૂવી સ્ટ્રીમિંગ, ઓનલાઈન લર્નિંગ, અને આર્ટ્સ અને ક્રાફ્ટ્સમાં સરળ પહોંચ મફતમાં પૂરી પાડે છે. બધી ઉંમરના અને રૂચિઓ ધરાવતા લોકો માટે અમારી વેબસાઈટના ઈવેન્ટ્સ કેલેન્ડર પર વર્ચ્યુઅલ કાર્યક્રમો શોધો.

પુસ્તકાલયોની બધી શાખાઓમાં બાહ્ય સ્થિત ડ્રોપ બોક્સીસ મારફતે પરત કરવાની લચીલી સેવાઓ 24-કલાક મેળવો. અમારી ઈમેઈલ અપડેટ્સ મેળવવા સબસ્ક્રાઈબ કરો અને અમને Facebook, Twitter, અને Instagram પર અનુસરો.

**બ્રેમ્પટન એનિમલ સર્વિસીસ**

બ્રેમ્પટન એનિમલ શેલ્ટર ફેમિલી ડે નિમિત્તે બંધ રહેશે.

એનિમલ કંટ્રોલ (પ્રાણી નિયંત્રણ) સોમવારથી શુક્રવાર સવારે 7 થી રાત્રે 10 વાગ્યા સુધી અને શનિવારે અને રવિવારે અને રજાઓના દિવસોમાં સવારે 8 થી સાંજે 6:30 વાગ્યા સુધી સ્ટ્રીટ્સ પર હોય છે, અને માત્ર નીચેના કૉલ્સને પ્રતિભાવ આપશે:

- માંદા/ઈજા પામેલા/આક્રમક ઘરેલું પ્રાણીઓ અને વન્ય જીવોને લઈ જવા
- આક્રમક પ્રાણી
- દોડીને ભાગતા કૂતરા
- કૂતરું કરડવાની તપાસ
- બંધિયાર રખડતું કૂતરું લઈ જવું
- મરેલું પ્રાણી લઈ જવું

**ફેમિલી ડે પર પીલ પબ્લિક હેલ્થ તરફથી રિમાઈન્ડર્સ**

રીજીયન ઓફ પીલે COVID-19 નો ફેલાવો રોકવાના પ્રયત્નોને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે ત્યારે, ચોક્કસ પ્રાદેશિક સગવડો અને

સેવાઓ આગળ સૂચના આપતા સુધી પ્રભાવિત રહે છે. કૃપા કરી શક્ય એટલો સમય ઘરે રહીને વાઈરસનો ફેલાવો રોકવા તમારો ભાગ ભજવવાનું ચાલુ રાખો. ફેમિલી ડે આપણાં માટે પ્રિયજનો સાથે રહેવાનો અને એકસાથે આનંદ માણવાનો સમય છે, પણ કૃપા કરી આ વર્ષે ઉજવણી કરતી વખતે આ વાતો યાદ રાખશો:

• માત્ર તમારા ત્વરિત કુટુંબીજનો અને અનિવાર્ય સપોર્ટ્સ (સહાયક વ્યક્તિઓ) સાથે સામાજિક સંપર્કમાં રહો.

• તમારા ઘરની બહાર રહેતા કુટુંબીજનો અને મિત્રો માટે, પુષ્કળ ફોટા પાડો અને એકબીજા સાથે સંકળાયેલા રહેવા વર્ચ્યુઅલ કૉલ્સ કરો અને શારીરિક અંતર જાળવો.

• ચાર પાયાની કાર્યવાહીઓ કરવાનું ચાલુ રાખો:

o 2 મીટરનું શારીરિક અંતર રાખો

o માસ્ક પહેરો

o તમારા હાથ વારંવાર ધોતા રહો

o બીમાર હો તો ઘરે રહો

-30-

**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**

ગુરવિંદર સિંઘ
સંકલનકર્તા, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
સ્ટ્રેટેજિક કમ્યુનિકેશન્સ
સિટી ઓફ બ્રૅમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca

**રીજીયન ઓફ પીલ મીડિયા સંપર્ક**
ઍશલી હૉકિન્સ (Ashleigh Hawkins)
કોમ્યુનિકેશન્સ સ્પેશિયાલિસ્ટ – પબ્લિક હેલ્થ
રીજીયન ઓફ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca